# જયા પાર્વતી વ્રત–૪૪

આ વ્રત અષાઢ સુદ ૧૩ થી આરંભી અષાઢ વદ ત્રીજને દિવસે સમાપ્ત કરવું. આમ આ વ્રત છ દિવસ કરવાનું હોય છે. દરેક દિવસે ગોળ અને મીઠા વિનાનું ભોજન એક વખત કરવું. અને છેલ્લે દિવસે રાત્રે ભગવાનના કિર્તન, ધુન્ય, રાસોત્સવ કરવાપૂર્વક જાગરણ આખીયે રાત કરવું. સવારે સ્નાન પૂજા વગેરે કરીને પારણું કરવું. આ વ્રત કરવાથી બહેનોને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. સૌભાગ્યપણું પ્રાપ્ત થાય છે. ભીષ્મ પિતામહ કહે છે કે હે યુધિષ્ઠિર આ સંબંધમાં એક પુરાતની ઈતિહાસ તમારા પ્રત્યે કહું છું. સાંભળો. એક ગામમાં એક બ્રાહ્મણ અને તેના પત્ની રહેતાં હતાં. બ્રાહ્મણનું નામ હતું વામન અને સત્યા નામની એની પત્ની હતી. બંને અતિ દયાળુ સ્વભાવનાં હતાં. અતિ ભગવાનની ભક્તિ પરાયણ હતા. પરંતુ તેને એક શેર માટીની ખોટ હોવાથી બંને ચિંતામાં હંમેશા રહેતાં હતાં. એવામાં એક વખતે ત્યાં દૈવ ઈચ્છાએ નારદજી પધાર્યા ત્યારે બ્રાહ્મણે તેનો યોગ્ય રીતે આદર સત્કાર કર્યો. પછી તેમની આગળ પોતાની મૂંઝવણ રજૂ કરી ત્યારે નારદજી કહે જે હે વિપ્ર તમો અહીંથી દક્ષિણ દિશામાં જંગલમાં એક શિવ પાર્વતી બિલિ પત્રના ઢગલામાં ઢંકાયેલ છે. તેમની પૂજા કોઈ કરતું નથી. તો તમો એ ભોળાનાથની પૂજા કરો. એ સદાશિવ જરૂર તમારું દુઃખ દૂર કરશે. આમ કહીને નારદજી તો ચાલ્યા ગયા. પછી તે બ્રાહ્મણ અને બ્રાહ્મણીએ ત્યાં જવા માટે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં દૂર દૂર એક બિલિના ઝાડ નીચે બિલિપત્રનો મોટો ઢગલો જોયો. બંનેજણાએ એ ઢગલો ખસેડ્યો તો અંદર શિવ પાર્વતી દેખાયા પછી એ બધી જગ્યા સાફસૂફ કરી સમીપે રહેલા

તળાવમાંથી પાણી લાવીને છાટ્યું અને શિવ પાર્વતીજીને વિધિ પ્રમાણે સ્નાન પૂજન કરીને બિલિપત્ર ચડાવ્યાં અને પોતે પણ બંને જણાં ભક્તિમાં લાગી ગયાં. એમ કરતાં પાંચ વર્ષો વિતી ગયાં પણ ભોળાનાથ પ્રસન્ન થયા નહિ ત્યારે એમના મનમાં થયું કે પાંચ વર્ષોની ભક્તિ નિષ્ફળ જશે ? એમ કરતાં એકવાર બ્રાહ્મણ ફળફૂલ લેવા માટે ગયો. તે પાછો આવ્યો નહિ. આથી તેની પત્ની એની શોધમાં ચાલી તો દૂર દૂર એક ઝાડ નીચે એક મૃત્યુ પામેલા બ્રાહ્મણને જોયો. અને બાજુમાં જ આમતેમ ફરતો એક સાપને જોયો ત્યારે એ બ્રાહ્મણીના મનમાં થયું કે આ સર્પ દંશથી મારો પતિ મૃત્યુ પામ્યો છે એમ વિચારીને રુદન કરવા લાગી. તેવામાં ત્યાં ફરતાં ફરતાં વનદેવીના રૂપમાં મા પાર્વતી દેવી આવ્યા ત્યારે પેલી બ્રાહ્મણીએ વનદેવીને વંદન કરીને પોતાના પતિને સજીવન કરવા માટે પ્રાર્થના કરી. એટલે પાર્વતીજીએ પોતાનો હાથ ફેરવીને તેને સજીવન કર્યો અને નવું જીવન આપ્યું એટલે બ્રાહ્મણે માના ચરણોમાં વંદન કર્યું ત્યારે માતાજીએ એના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો અને સારા આશીર્વાદ આપ્યા અને કહ્યું, જે હું તમારી ભક્તિથી પ્રસન્ન થઈ છું. માટે તમોને જે માગવાની ઈચ્છા હોય તે માગો ત્યારે બંને જણાએ પુત્ર પ્રાપ્તિની યાચના કરી ત્યારે માતાજીએ કહ્યું કે તમો હું કહું તેમ કરો. તમોને જરૂર પુત્ર પ્રાપ્તિ થશે. તેં જયા પાર્વતી વ્રત કર્યું તે વ્રત અષાઢ સુદ ૧૩ ના રોજ શરૂ કરીને અષાઢ વદ ૩ ના રોજ સમાપ્ત કરવું. રોજ શિવ-પાર્વતીની બિલિપત્રાદિ વડે પૂજા કરવી. પાંચમે દિવસે ગોળ અને મીઠા વિનાનું ભોજન એક વાર કરવું. છઠ્ઠે દિવસે એક કે વધારે પોતાની શક્તિ પ્રમાણે સૌભાગ્યવંતી સ્ત્રીઓને યથાશક્તિ વસ્ત્રો કે સૌભાગ્ય ચિહ્નો આપીને છેલ્લી

રાત્રિએ જાગરણ કરવું. આ ઉજવણી દરમ્યાન પોતાના ઈષ્ટદેવના સ્મરણ સાથે કિર્તનો, ભજનો ગાવા. આ વ્રત કરવાથી સ્ત્રીઓનું સૌભાગ્ય અખંડ રહે છે. સંતાન પ્રાપ્તિ સુખ શાંતિ અને ઈચ્છિત સમૃધિ પણ પ્રાપ્ત થાય છે. આમ કહીને માતાજી અંતર્ધ્યાન થઈ ગયાં. પછી એ બ્રાહ્મણીએ એ વ્રત પાર્વતી માતાના કહેવા પ્રમાણે કર્યું. એ વ્રતના પ્રભાવથી એને અતિરૂપવાન પુત્ર પ્રાપ્ત થયો અને અતિ આનંદ થયો અને એ બ્રાહ્મણ, બ્રાહ્મણીનું જીવન આનંદથી વ્યતીત થવા લાગ્યું. ભીષ્મ કહે છે કે હે રાજન આવો પ્રભાવ છે એ જયા પાર્વતી વ્રતનો વિશેષ એ જ વ્રત જો ભગવાનના સંબંધથી કરાયેલું હોય તો આ લોકમાં પણ સુખ પ્રાપ્ત થાય અને અંતે મોક્ષને પામે છે. ॥ ૪૪ ॥

# જીવન્તિકા વ્રત–૪૫

આ વ્રત શ્રાવણ માસના પહેલા શુક્રવારે કે કોઈપણ શુક્રવારથી કરી શકાય. જીવન્તિકા દેવીનો દીપ પ્રગટાવી ભક્તિ પૂર્વક એકટાણું કરી આ દિવસે પીળા વસ્ત્રો કે કોઈપણ પીળુ ભોજન આદિક વસ્તુનો ઉપયોગ કરવો નહિ અને એ વ્રત કરનારને શું ફળની પ્રાપ્તિ થાય છે તે સંબંધમાં અહીં એક પુરાતની ઈતિહાસ છે. ભીષ્મ પિતામહ કહે છે કે હે રાજા યુધિષ્ઠિર પૂર્વે કાશીનગરીમાં એક રાજા રાજ્ય કરતો હતો. એ રાજા સર્વે રીતે સુખી હતો ? પણ તેને એક શેર માટીનીખોટ હોવાથી તે રાજા અને રાણી બંને ચિંતાતુર હતા. રાણીની એક દાસી હતી તે સુયાણીનું કામ કરતી એ દાસીને જાણવામાં આવ્યું કે ગામમાં એક બ્રાહ્મણી ગર્ભવતી છે તેને ત્રણ માસ થયા છે પછી તેને રાણીને વાત કરી કે ગામમાં પેલી પદ્માવતીને પેટમાં બાળક છે તેને ત્રણ માસ થયા છે જ્યારે એ બાળક જનમશે